ॐ

॥ द्विजषट्कर्म ॥

द्विजाधिकारी वर्गने

शिवार्पण बुद्धया आपवा

माटे

संशोधी छपावी प्रगट करनार

वैद्यशास्त्री मणीशंकर अजरामर व्यास,

ध्रांगध्रा.

आवृत्ति २ जी.

१९७२, प्रत ५००. सने १९१६,

અમદાવાદ,

ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં

હરિપ્રસાદ પીતાંબરદાસ મહેતાએ છાપ્યું.

કીમત અમુલ્ય.

प्रस्तावना.

દ્વિજ ગૃહસ્થાશ્રમીઓના કર્તવ્યની સમજણ આપનાર ઘણાં મોટાં મોટાં પુસ્તકો સંસ્કૃત ભાષામાં છે. પરંતુ આજના સમયમાં તે વિદ્યાના જાણનારા બહુજ થોડા હોવાથી અને તે પુસ્તકોનો સાર પૂર્ણ રીતે નહી સમજવાથી, કંટાળો લાવી મૂકી દે છે અને જે પોતાનું કર્તવ્ય છે તે કર્તવ્યથી ભ્રષ્ટ થાય છે, તે ઘણી ખેદકારકની વાત છે. તેમ જાણી બ્રહ્મચારી કેવલાનંદ મહારાજે પરોપકારાર્થે સ્વધર્મ પાલન કરાવવાના હેતુથી, દ્વિજ વર્ગનું નિત્ય કર્મ, સ્નાન, સંધ્યા શિવ પૂજન, બ્રહ્મયજ્ઞ, નિત્યતર્પણ ને વૈશ્વદેવ, વિગેરે ટુંકામાં કરવાનું કહેલ છે. તેથી ઋગ્વેદી, સામવેદી, યજુર્વેદી, દ્વિજોને ઉપયોગી થઇ પડે, એવો, ને થોડા સમયમાં પોતાનું નિત્યકર્મ થઇ શકે તેવો, દ્વિજ ષટ્કર્મ નામનો ગ્રંથ છપાવી પ્રગટ કર્યો છે. તો સર્વે ભાઇઓ આ ગ્રંથ વાંચી પોતાનો સ્વધર્મ પાલન કરશે, તેવી આશા રાખું છું ને મારો શ્રમ સફલ થયો માનીશ ને વિજ્ઞપ્તિ કે ભુલ ચુક સુધારી લેશો.

લી૦ વૈદ્યશાસ્ત્રી મણીશંકર અજરામર, ધ્રાંગધ્રા.

॥ श्रीगणेशाय नमः ॥

॥ श्री परमात्मने नमः ॥

तपस्तप्त्वाऽसृजद्ब्रह्मा ब्राह्मणान्वेदगुप्तये ।
तृप्त्यर्थंपितृदेवानां धर्मसंरक्षणाय च ॥ १ ॥

અર્થ—તપ કરીને બ્રહ્માએ વેદોના રક્ષણને માટે તથા પિતૃદેવતાઓને તૃપ્તિ કરવાને માટે ને ધર્મના રક્ષણને માટે બ્રાહ્મણોને પ્રથમ ઉત્પન્ન કર્યા છે. માટે બ્રાહ્મણોએ પોતાનું નિત્યકર્મ કરવું જોઇએ. આચાર વિશે મનુસ્મૃતિમાં કહે છે કેઃ—

आचारः परमो धर्मः श्रुत्युक्तः स्मार्त्त एवच ।
तस्मादस्मिन्सदायुक्तोनित्यं स्यादात्मवान्द्विजः ॥ २ ॥
श्रुतिस्मृत्युदितं सम्यङ्निबद्धं स्वेषु कर्मसु ।
धर्ममूलं निषेचेत सदाचारमतंद्रितः ॥ ३ ॥
आचाराल्लभतेह्यायुराचारादीप्सितप्रजाः ।
आचाराद्धनमक्षय्यमाचारोहन्त्यलक्षणम् ॥ ४ ॥
दुराचारोहिपुरुषो लोकेभवतिनिंदितः ।
दुःखभागी च सततं व्याधितोऽल्पायुरेव च ॥ ५ ॥

વેદમાં તથા સ્મૃતિમાં આચાર એજ પરમ ધર્મ કહેલો છે. માટે જે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, પોતાના કલ્યાણની

ઇચ્છા રાખતા હોય તેમણે સર્વદા આચાર યુક્ત રહેવું. ૧ વેદ તથા સ્મૃતિમાં શિષ્ટાચાર ઉત્તમ પ્રકારે કહેલો છે. તે ધર્મનું મૂલ છે. માટે આળસ છોડી દઇ તેનું નિત્ય સેવન કરવું. ॥૨॥ સારા આચારથી આયુષ્ય વધે છે, સારા આચારથી મન-માનતી પ્રજા થાય છે, સદાચારથી અક્ષય્ય ધન મળે છે અને અશુભ ફલ આપનારાં અપલક્ષણ જાતાં રહે છે. ॥૩॥ દુરાચારી પુરુષની લોકમાં નિંદા થાય છે અને સર્વકાલ દુઃખી રહે છે, વ્યાધિમાં પડયો રહી રીબાય છે અને આયુષ્ય ટુંકું થાય છે. ॥૪॥ માટે પોતાના ધર્મ પાલન કરવાથી જે ફલ થાય છે તે નીચે પ્રમાણે આચાર્યો કહે છેઃ—

गण्यंते पांसवोभूमेर्गण्यंते वृष्टिबिंदवः ।
नगण्यतेविधात्राऽपि धर्मसंरक्षणे फलं ॥ ६ ॥
नान्योविमुक्तयेपंथा मुक्त्वाकर्मविधिं स्वकं ।
तस्मात्कर्माणि कुर्वीत प्रीतये परमेष्ठिनः ॥ ७ ॥

અર્થ-ભૂમિના રજકણો ગણાય છે, વૃષ્ટિના બિંદુઓ ગણી શકાય છે, પણ ધર્મ સંરક્ષણમાં જે ફલ છે તે વિધાતાવડે પણ ગણી શકાતું નથી. પોતાના વર્ણાશ્રમના કર્મના વિધિનો ત્યાગ કરીને મોક્ષને માટે અન્ય ઉપાય નથી. માટે મહેશ્વરની પ્રીતિને માટે કર્મો કરવાં. વળી કહ્યું છે કેઃ—

विप्रोवृक्षस्तस्यमूलंचसंध्यावेदः शाखाधर्मकर्माणिपत्रं ।
तस्मान्मूलंयत्नतोरक्षणीयंछिन्नेमूलेनैवशाखानपत्रं ॥ ८ ॥

વિપ્ર કલ્પવૃક્ષ છે, વૃક્ષનું મૂલ સંધ્યા છે, વેદ શાખા છે, ધર્મ કર્મ વિગેરે તે વૃક્ષનાં પત્રો છે મૂલનું પ્રયત્ને કરી પણ રક્ષણ કરવું જોઇએ. કારણ મૂલ વગર વૃક્ષ થવુંજ દુર્લભ છે. માટે બ્રાહ્મણોને સંધ્યા મુખ્યછે. સંધ્યા કરવાથી થતા ફળ વિશે. અત્રિ कहे छे केः—

संध्यामुपासते ये तु सततं शंसितव्रताः ।
विधूतपापास्ते यान्ति ब्रह्मलोकं सनातनम् ॥ ९ ॥

જે નિરંતર સંધ્યા કરે છે તે પાપ રહિત થયા થકા બ્રહ્મલોકને પામે છે. સંધ્યા ન કરવાથી થતા દોષ વિષે मरीची कहे छे केः—

संध्या येन न विज्ञाता संध्या येनानुपासिता ।
जीवमानो भवेच्छूद्रो मृतःश्वा जायते ध्रुवं ॥ १० ॥
संध्याहीनोऽशुचिर्नित्यमनर्हःसर्वकर्मसु ।
यदन्यत्कर्म कुरुते न तस्य फलभाग्भवेत् ॥ ११ ॥

અર્થઃ—જેણે સંધ્યા જાણી નથી અને સંધ્યોપાસના કરતો નથી તે દ્વિજને જીવતાં છતાં શૂદ્ર જાણવો અને મુવા પછી તે કુતરો થાય છે. ॥૧॥ જે દ્વિજ સંધ્યા કરતો નથી તે નિત્ય અપવિત્ર ને સર્વ કર્મમાં અધિકાર રહિત છે ને જે બીજું ધર્મ સંબંધી કાર્ય કરે તેનું ફલ તેને મળતું નથી. માટે દ્વિજોએ સંધ્યા અવશ્ય કરવી જોઇએ. સંધ્યાની વ્યાખ્યાઃ—

अहोरात्रस्य यो सन्धिःसूर्यनक्षत्रवर्जितः ।
सा तु संध्यासमाख्याता मुनिभिस्तत्त्वदर्शिभिः ॥१२॥

દિવસ રાત્રીનો જે સંધિ, સૂર્ય નક્ષત્ર વગરનો જે કાલ છે તેને તત્ત્વવેત્તા મુનિઓએ સંધ્યા કહેલ છે.

उत्थान शौच दंतधावन

મનુષ્યે પાછલી છ ઘડી રાત્રી રહે ત્યારે અથવા મોડામાં મોડું બે ઘડી રાત્રી રહે ત્યારે ઉઠીને પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરી મંગળ વસ્તુનું દર્શન કરવું અને શૌચાચાર કરી આવી જલ તથા મૃત્તિકાથી હાથ પગ શુદ્ધ કરી કોગળા કરવા તથા ત્યાર પછી દંતધાવન કરવું. દાતણ બાર આંગળ લાંબુ લઇ નીચેનો શ્લોક બોલી વનસ્પતિની સ્તુતિ કરવી.

आयुर्बलं यशो वर्चःप्रजाः पशून्वसूनि च ।
ब्रह्मप्रज्ञां च मेधां च त्वं नो देहि वनस्पते ॥ १३ ॥

અર્થ—આયુષ્ય, બલ, યશ, કાન્તિ, પ્રજા, પશુઓ, દ્રવ્ય, સારી બુદ્ધિ, વિદ્યા, હે વનસ્પતિ! અમોને આપ. એમ કહી એક જગ્યાએ બેસી દાતણ કરવું. કોગળા કરી મુખ શુદ્ધિ કરીને સ્નાન કરવું.

॥ अथ स्नानविधिः ॥

अस्नातस्य क्रियाःसर्वा भवन्ति च सदाऽफलाः ।
तस्माद्बहुविधं स्नानं कर्त्तव्यं सर्वदा द्विजैः ॥ १ ॥

गुणाःदशस्नानपरस्य साधो रूपं च तेजश्च बलं च शौचम् ।
आयुष्यमारोग्यमलोलुपत्वं दुःस्वप्ननाशं च यशश्च मेधा ॥२॥

અર્થ—જે મનુષ્ય સ્નાન કરતો નથી તેની સર્વે ક્રિયા નિષ્ફલ થાય છે માટે દ્વિજવર્ગને સ્નાન કરવાની આવશ્યકતા એમ દક્ષ કહે છે. વળી સ્નાન કરવાથી, રૂપ, તેજ, બલ, શૌચ, આયુષ્ય, આરોગ્ય, મલનો નાશ, દુષ્ટ સ્વપ્નનો નાશ, યશ, બુદ્ધિ આ દશ પ્રકારના ગુણ થાય છે, તેમ યાજ્ઞવલ્કય સ્મૃતિમાં કહ્યુંછે, સ્નાનને માટે પાત્રમાં પ્રથમ થંડુ પાણી નાંખી તેમાં ઉનું પાણી નાંખીને અથવા નદ્યાદિક હોય તો પાણીમાં ઉભા રહીને જમણા હાથમાં જલ લઈ નીચે પ્રમાણે સંકલ્પ કરવો.

अत्राद्य महामांगल्यफलप्रदमासोत्तमे मासे (कार्तिक मार्गशीर्ष पौष माघ फाल्गुन चैत्र वैशाख ज्येष्ठ आषाढ श्रावण भाद्रपद आश्विन) मासे शुक्लकृष्णपक्षे । प्रतिपदि द्वितीयायां तृतीयायां चतुर्थ्यां पंचम्यां षष्ठ्यां सप्तम्यां अष्टम्यां नवम्यां दशम्यां एकादश्यां द्वादश्यां त्रयोदश्यां चतुर्दश्यां पौर्णमास्यां अमावास्यायां वा) तिथौ (रवि सोम भौम बुध गुरु शुक्र मंद) वासरे । मम देहशुद्ध्यर्थं स्नान महं करिष्ये—

એમ સંકલ્પ કરી જલમાં

गंगे च यमुने चैव गोदावरि च सरस्वती ।
नर्मदे सिंधु कावेरी जलेऽस्मिन्सन्निधिं कुरु ॥ ३ ॥

આ મંત્ર બોલી તીર્થનું આવાહન કરી સ્નાન કરવું.

भस्मनो विधि.

शिवरहस्ये--

संध्या शिवार्चनादीनि कर्माण्येतानि वस्तुतः ।
वैदिकानि ततस्तेषु कर्तव्यं भस्मधारणम् ॥ १ ॥

અર્થ—સંધ્યા શિવપૂજનાદિક કર્મ તથા વૈદિક કર્મ એટલે અગ્નિહોત્રાદિ કર્મો, આ સર્વ ભસ્મ ધારણ કર્યા વગર જો કરે તો સર્વે કર્મો નિષ્ફલ થય છે, માટે ભસ્મ ધારણ કરવી.

रुद्राक्षधारणे फलम् ॥

रुद्राक्षा यस्य गात्रेषु ललाटे च त्रिपुण्ड्रकम् ।
सचाण्डालोऽपि संपूज्यः सर्ववर्णोत्तमो भवेत् ॥ १॥
अभक्तो वापि भक्तो वा नीचो नीचतरोऽपि वा ।
रुद्राक्षान्धारयेद्यस्तु मुच्यते सर्वपातकैः ॥ २ ॥

અર્થ—જેના શરીરે રૂદ્રાક્ષ ધારણ કરેલી છે તથા જેના કપાલમાં ભસ્મનું ત્રિપુણ્ડ્ર છે તે ચાંડાળ હોય તોપણ સર્વ વર્ણમાં ઉત્તમ ને પૂજન કરવા યોગ્ય છે. ॥૧॥ ભકત હોય અગર ભકત ન હોય, નીચ હોય અથવા શ્રેષ્ઠ હોય તોપણ જે રૂદ્રાક્ષને ધારણ કરે છે તેનાં સર્વ પાપ નાશ પામે છે. ૨

रुद्राक्ष विभूति न धारणे दोषः

विभूतिर्यस्य नो भाले नाङ्गे रुद्राक्षधारणम् ।
नहि वाण्यां शिवोच्चारस्तं त्यजेदंत्यजं यथा ॥ १ ॥

અર્થ—જે મનુષ્યના કપાળમાં વિભૂતિ ધારણ કરેલ નથી તથા જેના અંગે રૂદ્રાક્ષ નથી ને જેની વાણીમાં શિવનું નામ નથી તેને ચાંડાલની પેઠે ત્યાગ કરવો. ૧

यज्ञोपवीतधारणविधि.

સુતકાન્તે તથા ગ્રહણ સમાપ્તિએ ચાર માસે અથવા તૂટી જાય ત્યારે નીચે લખ્યા પ્રમાણે નવું જનોઈ ધારણ કરવું. આચમન તથા પ્રાણાયામ સંધ્યાવંદનમાં લખ્યા પ્રમાણે કરી હાથમાં જલ લઈ अत्राद्य ० । ममश्रौतस्मार्त्तकर्मानुष्ठानासिध्यर्थं नवीनयज्ञोपवीतधारणमहं करिष्ये સંકલ્પ કરી જનોઈ ડાબા હાથમાં લઈ જમણે હાથે ગાયત્રી મન્ત્રથી જલ પ્રોક્ષણ કરવું. પછી તે જનોઈ બે હાથમાં મોકળું રાખી નીચે લખેલો મન્ત્ર ભણવો.

ॐ यज्ञोपवीतं परमं पवित्रं प्रजापतेर्यत्सहजं पुरस्तात् ।
आयुष्यमग्र्यं प्रतिमुञ्च शुभ्रं यज्ञोपवीतं बलमस्तु तेजः
यज्ञोपवीतमसि यज्ञस्यत्वा यज्ञोपवोतेनोपनह्यामि॥ १ ॥

અર્થ—જે યજ્ઞોપવીત પ્રજાપતિના જન્મ સાથેજ ઉત્પન્ન થયેલ છે, તેવું પરમ પવિત્ર એવું આ યજ્ઞોપવિત તેના ધારણ કરનારને ઉત્તમ શતવર્ષનું આયુષ્ય આપો અને એ શ્વેત યજ્ઞોપવીત બલ, તેજ અને યજ્ઞાદિ કર્મમાં અધિકાર દર્શાવનારૂં ચિન્હ છે, તેથી તે હું પહેરૂં છુ. આ મંત્ર બોલી જમણો હાથ ઉંચો કરીને જનોઇ પહેરવું અને આચમન કરવું. એજ

પ્રમાણે બીજું જનોઇ પણ પહેરવું. જૂનું જનોઈ માથા ઉપરથી કાઢી નાંખી આચમન કરવું.

। अथ प्रातःसंध्याप्रयोगः ।

બહાર જલાશય કે ઘરે ગરમ પાણીએ વિધિપૂર્વક સ્નાન કરી રહ્યા પછી પવિત્ર વસ્ત્ર પહેરી તથા બીજું પવિત્ર ઉપવસ્ત્ર રાખી ઉનનું અથવા દર્ભનું આસન પાથરી પૂર્વાભિમુખે બેસીને સંધ્યાવંદન કરવું. પોતાની પાસે જલપાત્ર, પંચપાત્ર, તરભાણી, અર્ઘાચુ વીગેરે પૂજાની સામગ્રી લઇને બેસવું ને ભસ્મ ધારણ કરવી. ડાબા હાથમાં ભસ્મ લઇ જમણો હાથ ઉપર સંપુટ કરી.

ॐ अग्निरिति भस्म । वायुरिति भस्म । जलमिति भस्म । स्थलमिति भस्म । व्योमिति भस्म । सर्वं हवा इदं भस्म । मन एतानि चक्षुंषि भस्मानीति. । ॐ आपोज्योतिरसोमृतं ब्रह्मभूर्भुवःस्वरोम् ॥

આ મંત્ર વડે મન્ત્રી તેમાં આ મન્ત્રવડે જલ મિશ્રિત કરી પછી બંને હાથની વચલી ત્રણ આંગલીઓવડે મસળવી ને નીચે લખ્યો મંત્ર ભણવો.

ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टिवर्द्धनम् । ऊर्वारुकमिवबंधनान्मृत्योर्मुक्षीयमामृतात् ॥

આ મંત્ર ભણી સૂર્યને બતાવી લલાટ હૃદય-કંઠ-નાભિ પડખાં હાથ વિગેરે સ્થળે ભસ્મનું લેપન કરવું. ત્યાર પછી જમણા હાથની હાથેલીમાં અડદનો દાણો ડુબે તેટલું જલ લઈ અંગુષ્ઠ તથા ટચલી આંગલી છુટી રાખીને ડાબા હાથની તર્જનીથી જમણાં કાંડાને સ્પર્શ કરીને નીચે લખ્યા ત્રણ મંત્રોથી ક્રમે કરી ત્રણ આચમન લેવાં.

ॐभूः पुनातु ॐभुवः पुनातु ॐ स्वः पुनातु ।

આ મંત્ર બોલી ત્રણ આચમન લઈને હથેલી ધોઇ નાંખવી.

ॐविष्णुं ।२। ॐवषट्कारं ।२। ॐप्राणं ।२। ॐचक्षुः।२। ॐश्रोत्रं ।२। ॐनाभिं ॐहृदयं ॐकंठं। ॐशिरः शिखाबंधनं ।

એવી રીતે પોતાના હાથથી સર્વે ઇન્દ્રિયોને સ્પર્શ કરવો.

ॐभूर्भुवः स्वः ॐतत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ।

આ મંત્ર બોલી શિખા બાંધવી.

અર્થ—સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનાર પ્રકાશવાન્ એવા જે સૂર્ય તેના ઉત્તમ તેજનું અમે ધ્યાન કરીયે છીએ. જે તેજ અમારી બુદ્ધિને શુભ કર્મોમાં પ્રેરે. હાથમાં જલ લઇ

अत्राद्य० । मम उपात्तदुरितक्षयार्थं ब्रह्मवाप्त्यै प्रातः संध्योपासनमहंकरिष्ये ॥

એ પ્રમાણે સંકલ્પ કરી પ્રથમની પેઠે ત્રણ આચમન કરવાં.

अपवित्रः पवित्रेति वामदेव ऋषिः त्रिष्टुप्छंदः विष्णु देवता पवित्री करण मार्जने विनियोगः

આ ભણીને જળની આચમની મુકવી ને જ્યાં વિનિયોગ આવે ત્યાં જલની આચમની મુકવાને યાદ રાખવું.

આ મંત્ર ભણી પોતાના શરીર ઉપર માર્જન કરવું.

अपवित्रः पवित्रो वा सर्वावस्थांगतोपिवा

यःस्मरेत् पुंडरीकाक्षं स बाह्याभ्यंतरः शुचिः ॥ १ ॥

અર્થ અપવિત્ર અથવા પવિત્ર ગમે તે અવસ્થામાં રહ્યા હોય તો પણ જે માણસ ભગવાનનું સ્મરણ કરે છે તે બહાર ને અંદર પવિત્ર થાય છે.

पृथ्वित्वयेति मेरुपृष्ठ ऋषिः सुतलं छंदः कूर्मो देवता आसने विनियोगः

એમ બોલી જલમૂકવું ને નીચેનો મંત્ર ભણી આસન શુદ્ધિ કરવી.

पृथ्वि त्वयाधृतालोका देवि त्वं विष्णुना धृता ।

त्वं च धारय मां देवि पवित्रं कुरु चासनम् ॥ १ ॥

અર્થ–હે પૃથ્વી! તેં જગતને ધારણ કરેલ છે. હે દેવિ તું ને વિષ્ણુએ ધારણ કરેલી છે અને હે દેવિ! તું મને ધારણ કર અને આસનને પવિત્ર કર. ત્યાર પછી ન્યાસ કરવા.

करन्यासः ॐ भूः अंगुष्ठाभ्यांनमः । ॐ भुवः तर्जनीभ्यांनमः

ॐस्व मध्यमाभ्यां नमः । ॐतत्सवितुर्वरेण्यं अनामिकाभ्यां नमः । ॐभर्गोदेवस्य धीमहि कनिष्ठिकाभ्यां नमः । ॐधियो-योनःप्रचोदयात् करतलकरपृष्ठाभ्यांनम । एवं हृदयादि ॐभूःहृदयायनमः । ॐभुवःशिरसेस्वाहा । ॐस्वःशिखायै वौषट् । ॐभर्गोदेवस्यधीमहि कवचाय हुं ॐधियोयोनःनेत्रत्र-याय वौषट् । ॐप्रचोदयात् अस्त्रायफट् ।

એ પ્રમાણે હાથના તથા હૃદયના ન્યાસ કરવા પછી બન્ને હાથ જોડીને નીચેના મંત્રથી ગાયત્રીનું આવાહન તથા ધ્યાન કરવું.

गायत्री त्र्यक्षरां बालां साक्षसूत्रकमंडलुं ।
रक्तवस्त्रां चतुर्वक्त्रां हंसवाहनसंस्थितां ॥
ब्रह्माणीं ब्रह्मदैवत्यां ब्रह्मलोकनिवासिनीं ।
आवाहयाम्यहं देवी मायातीं सूर्य मंडलात् ॥
आगच्छ वरदे देवि त्र्यक्षरेब्रह्मवादिनि ।
गायत्री छंदसांमातर्ब्रह्मयोनि नमोस्तुते ॥

અર્થ—ગાયત્રી, ત્ર્યક્ષરા, બાલા, રૂદ્રાક્ષ, જનોઈ, કમંડળ-વાળી, રાતા વસ્ત્રવાળી, ચાર મુખવાળી, હંસવાહનપર બેઠેલી, બ્રહ્માણી, બ્રહ્માની શકિત, બ્રહ્મલોકમાં રહેનારી ને સૂર્યમંડલ થકી આવનારી દેવીનું હું આવાહન કરૂં છું. હે વર દેનારી! હે ત્ર્યક્ષરે! હે બ્રહ્મ વાદિનિ! આવો. હે ગાયત્રિ! વેદ માતા! હે બ્રહ્મયોનિ! તમને નમસ્કાર હો.

अथ प्राणायाम विधिः ॥

ॐकारस्यब्रह्माऋषिः देविगायत्रीछंदः परमात्मादेवता सर्व कर्मारंभेविनियोगः भूरादिसप्तव्याहृतिनाप्रजापतिऋषिः क्रमेण गायत्र्युष्णिगनुष्टुप् बृहती पंक्तित्रिष्टुब्जगत्यश्छंदांसिअग्निवायु सूर्य बृहस्पतिवरुणेन्द्रविश्वेदेवा देवताःतत्सवितुरितिविश्वामित्र-ऋषि गायत्रीछंदः सविता देवताआपोज्योतिरितिप्रजापतिऋषिः द्विपदा गायत्री छंदःब्रह्माग्निवायुसूर्या देवताप्राणायामे विनियोगः

જમણા હાથની અનામિકા તથા કનિષ્ઠિકાવતે નાકનું ડાબું છિદ્ર દબાવી, જમણા છિદ્રથી ધીમે ધીમે વાયુ પૂરવો, પૂરક કહે છે અને પછી જમણા અંગુષ્ઠથી જમણા છિદ્રને પણ દબાવી પ્રાણ વાયુ રોકવો તેને કુંભક કહે છે. તેમજ જમણા અંગુષ્ઠથી જમણું છિદ્ર દબાવી રાખી ડાબું છિદ્ર ખુલ્લું કરી તેમાંથી ધીમે ધીમે પ્રાણ વાયુ બહાર કાઢવો તે રેચક કહેવાય છે. એ ત્રણે ક્રિયાયોમાં નીચે લખ્યો મંત્ર એક એક વાર ભણવો અને જો બની શકે તો પ્રત્યેક ક્રિયાયેમાં ત્રણ ત્રણ વાર ભણવો એટલે પ્રાણાયામ થાય અને (એકવાર પૂરક, ચાર વાર કુંભક અને બે વાર રેચક તેવી રીતે પણ પ્રાણાયામ થાય છે.) નીચેના મંત્ર બોલી પ્રાણાયામ કરવો.

ॐभूः ॐभुवः ॐस्व ॐमहः ॐजनः ॐतपः ॐसत्यं ॐतत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि । धियो यो नः प्रचो-

दयात् । ॐआपोज्योती रसोऽमृतं ब्रह्मभूर्भुवः स्वरोम् । सूर्यश्चेति नारायण ऋषिः गायत्रीछंदः सूर्यो देवता आचमने विनियोगः आचमनं ॥

હાથમાં જલ લઈ,

ॐसूर्यश्च मामन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षन्तां । यद्रात्र्या पापमकार्षं मनसा वाचा हस्ताभ्यां पद्भ्यामुदरेण शिश्ना रात्रिस्तदवलुम्पतु यत्किंचिद्दुरितं मयि इदमहमामृतयोनौ सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ।

આ મંત્ર ભણી આચમન કરવું ને પછી ઓંકારથી બે આચમન કરવાં.

અર્થ-સૂર્ય, યજ્ઞ, યજ્ઞના પતિઓ ઈંદ્રાદિક દેવો, તથા અસાંગ કૃત યજ્ઞ પાપોથી મારી રક્ષા કરો. મેં રાત્રિએ મનથી, વાણીથી, હાથથી, પગથી, ઉદરથી કે લિંગથી જે પાપ કર્યું હોય, તે પાપ રાત્રિ દૂર કરો. વળી મારાં જે કાંઇ પાપ હોય તે હું મારા મોક્ષના કારણરૂપ હૃદયના મધ્યમાં રહી પ્રકાશ કરનાર સૂર્યમાં આચમનવડે હોમું છું, તે સારી રીતે હોમેલું થાઓ.

ॐआपोहिष्ठेति तिसृणां सिंधुद्वीपऋषिः गायत्री छंदः आपोदेवतामार्जने विनियोगः । मार्जनम्

ડાબા હાથમાં જલ લઇ, નીચેનો મંત્ર ભણી મસ્તક ઉપર દર્ભથી અગર હાથથી માર્જન કરવું.

आपोहिष्ठा मयोभुवस्तान ऊर्जे दधातन । महेरणाय चक्षसे ॥ यो वः शिवतमो रसस्तस्य भाजयते हनः उशती रिवमातरः ॥ तस्मा अरंगमा मवो यस्य क्षयाय जिन्वथ । आपोजन यथा च नः

અર્થ:-હે પાણી! સુખ આપનાર થાઓ. પાણી અમને અન્ન માટે સ્થાપો. મોટા બ્રહ્મદર્શનનાં વ્યાખાન માટે સ્થાપો. હે પાણી! જે તમારો અત્યંત કલ્યાણકારી રસ છે તે રસના અમને અહીંઆ ભાગીદાર કરો. જેમ મા, દીકરાનું કલ્યાણ ઇચ્છતી તેઓનું દુધ વિગેરે રસથી પોષણ કરે છે એમ જલ અમારૂં પોષણ કરો. હે પાણી! જે અન્નના નિવાસ માટે તમે તૃપ્તિ પમાડો છો, તે અન્ન માટે અમે તમને ચારે ભણીથી પામીએ છીએ. વળી હે જલ! અમોને પુત્ર પૌત્રાદિક ઉત્પન્ન કરવાને સમર્થ કરો. (અહીંઆં સૂધીનાં કર્મ સર્વ વેદને સાધારણ છે, તેમાં કાંઇ પણ ભેદ નથી.

अघमर्षणः—द्रुपदादिवेति कोकिलराजपुत्र ऋषिः अनुष्टुप्छंदः आपोदेवता जलावघ्राणे विनियोगः ।

જમણા હાથની અંજલિમાં પાણી લઇ નાસિકાપાસે રાખીને નીચે લખ્યો મંત્ર ભણવો.

ॐद्रुपदादिव मुमुचानः स्विन्नः स्नातो मलादिव । पूतं पवित्रेण वाज्यमापःशुद्धन्तु मैनसः ॥ १ ॥

આ મંત્ર ભણી જલાંજલિ નાંખી દેવી ને નદ્યાદિક

તીર્થ હોય તો પાણીમાં ડુબકી મારવી ને ઉપર લખ્યો મંત્ર ભણી જવો. (આ મંત્ર માત્ર યજુર્વેદીને માટે છે, ઋગ્વેદીએ તથા સામવેદીએ નીચે લખ્યો મન્ત્ર ભણી અઘમર્ષણ કરવું.)

ऋतं चेति सूक्तस्य माधुच्छंदसोऽघमर्षणो भाजवृतोऽनुष्टुप् अघमर्षणे विनियोगः ॥

ॐ ऋतं च सत्यं चाभिद्धात्तपसोऽध्यजायत ततो रात्र्यजायत ततःसमुद्रोअर्णव । समुद्रादर्णवादधिसंवत्सरो अजायत । अहोरात्राणि विदधद्विश्वमिषतोवशी ॥ सूर्याचंद्रमसौ धाता यथापूर्वमकल्पयत् । दिवं च पृथ्वीं चान्तरिक्षमथोस्वः ॥

અર્થ—પગમાં પહેરેલી પાદુકાથી છૂટો થયેલો અને પરસેવાવાળો મનુષ્ય સ્નાન કરવાથી જેમ પવિત્ર થાય છે તથા પવિત્ર ઉનને ગરણે ગાળવાથી ઘી જેમ પવિત્ર થાય છે તેમ હે પાણી! મને પાપથી પવિત્ર કરો. ૧

પ્રકાશમાન પરબ્રહ્મથી પ્રથમ પ્રકૃતિ તથા મહત્તત્વ ઉપજ્યાં, પછી અહંકાર ઉપજ્યો, પછી પરિણામ પામનાર તન્માત્રસમૂહ ઉપજ્યો, તન્માત્રા સમૂહથી સ્થૂલ ભૂત સમૂહ ઉત્પન્ન થયો. પછી વિશ્વને રચવામાં સમર્થ બ્રહ્મા પૂર્વ કલ્પ પ્રમાણે દિવસ રાત્રિના વિભાગ કરનાર સૂર્ય ચંદ્રમાને સૃજતા હવા. તેમજ મહર્લોક, પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગલોક પણ સૃજતા હવા. ૨

॥ अर्घ्यप्रदान ॥

સૂર્યના સામા ઉભા રહી એ.બામાં અથવા અરઘીયામાં જલ, ચંદન, પુષ્પ નાંખીને ગાયત્રી મન્ત્ર ભણી સૂર્યને ત્રણ અર્ઘ્ય આપવા ને દિવસ ઉગી ગયા પછી ચાર અર્ઘ્ય આપવા.

उपस्थान.

उद्वयमितिप्रस्कण्वऋषिः अनुष्टुप्छंदः सूर्योदेवता उदुत्यमितिप्रस्कण्वऋषिःगायत्रीछंदः सूर्योदेवता चित्रंदेवानामिति कुत्सांगिरस ऋषिः त्रिष्टुप्छंदः सूर्योदेवता । तच्चक्षुरिति दध्यंगाथर्वण ऋषिःउष्णिक् छंदः सूर्योदेवता सूर्योपस्थाने विनियोग.

બે હાથ ઉંચા કરીને નીચે લખ્યા મન્ત્ર ભણી ઉપસ્થાન કરવું.

ॐउद्वयं तमसस्परिस्वः पश्यन्त उत्तरम् । देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥ १ ॥

ॐउदुत्यंजातवेदसं देवं वहन्ति केतवः । दृशे विश्वाय सूर्यम् ॥ २ ॥ ॐचित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्यवरुणस्याग्नेः । आप्राद्यावा पृथिवी अंतरिक्षᳬसूर्य आत्माजगतस्तस्थुषश्च ॥ ३ ॥ ॐतच्चक्षुर्देवहित पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येमशरदः शतं जीवेम शरदः शतं शृणुयामशरदः शतं प्रब्रवाम

शरदःशतमदीनाः स्याम शरदःशतं भूयश्च शरदःशतात् ॥

इत्युपस्थानम्.

(ઋગ્વેદીએ તથા સામવેદીએ उदत्यं તથા चित्रं देवानां એ બે મન્ત્ર ભણી ઉપસ્થાન કરવું.)

અર્થ—સૂર્યે કરીને રક્ષણ થયેલા એવા જે પૃથ્વી ઉપર રહેલા સ્વર્ગાદિ લોકને જોતા એવા અને પૃથ્વીની પેલી બાજુએ રહેલા સ્વર્ગાદિક લોકોને ઉલ્લંઘન કરતા એવા જે સૂર્યનારાયણ તેનું અમે ધ્યાન કરીએ છીએ. ૧ જેના થકી વેદ થયેલ છે અને કીરણોએ કરીને જગતને પ્રકાશ કરે છે એવા સૂર્યનું અમે ધ્યાન કરીએ છીએ. ૨

દેવતાઓના સમૂહરૂપ અને મિત્રદેવ, વરુણદેવ તથા અગ્નિદેવતાઓના ચક્ષુરૂપ અને સ્થાવર જંગમના આત્મારૂપ અને પોતાના ઉગ્ર કીરણોએ કરી સ્વર્ગ, પૃથ્વી તથા અંતરિક્ષને પ્રકાશ કરતા અને વિચિત્રતાથી ઉદય થતા એવા જે સૂર્ય અમે તેનું ધ્યાન કરીએ છીએ ઉપર કહેલા જે દેવતાઓ તેમના ચક્ષુરૂપ અને દેવતાઓનું શ્રેય કરનાર અને પૂર્વમાં ઉદય થનાર જે સૂર્યનું તેજ છે તેના ઉપસ્થાનથી અમો સો વર્ષ જીવીએ છીએ, સો વર્ષ જોઈએ, સો વર્ષ શ્રવણ કરીએ, સો વર્ષ બોલીએ, સો વર્ષ સુખી રહીએ. જેને માટે અમારા પૂર્ણ મનોરથરૂપ સૂર્યનું અમે ધ્યાન કરીએ છીએ. ૪

गायत्र्यावाहनम् ॥

ॐ तेजोसीति प्रजापतिर्ऋषिःयजुश्छंदः आज्यं देवता गायत्र्यावाहने विनियोगः ॐतेजोसि शुक्रमस्य भृतामसि धामनामसि प्रियंदेवानामनाधृष्टं देवयजनमसि ॥ १ ॥ तुरीय-पदस्य विमलऋषिः गायत्रीछंदः परमात्मादेवता गायत्र्युपस्थाने विनियोगः ॥ ॐगायत्रस्यैकपदी द्विपदी त्रिपदी चतुपश्यपदसि नहि पद्यते । नमस्ते तुरीयाय दर्शताय पदाय परोरजसे सावदोम् ॥

इतिप्रार्थयेत्.

આ મંત્ર બોલી, હાથ ઉંચા કરી, ગાયત્રીનું આવાહન તથા ઉપસ્થાન કરવું. પછી હાથમાં જલ લઇ,

अत्राद्य० ममाशेषपापक्षयार्थं गायत्रीजपमहं करिष्ये

એમ સંકલ્પ કરી ગાયત્રી જપ નાભિ આગળ હાથ રાખી વસ્ત્ર ઢાંકી યથાશક્તિ કરવો.

जपं कृत्वा ॐदेवा गातुविदइत्यस्यमनसस्पति ऋषिः वातो देवता विराट्छंदः जपनिवेदने विनियोगः । ॐदेवा गातु विदो गातुंवित्वा गातु मितमनसस्पतइमन्दे वयज्ञ१स्वाहा वातेधाः ।

હાથમાં જલ લઇ,

अनेन कृतजपेन सवितादेवता प्रीयतां ।

એ પ્રમાણે બોલીને જલ મૂકવું ને નીચેના મન્ત્રથી ગાયત્રીનું વિસર્જન કરવું.

ॐउत्तमे शिखरे जाता भूम्यां पर्वतमस्तके ।
ब्राह्मणेभ्योऽभ्यनुज्ञाता गच्छदेवि यथासुखं ॥ १ ॥

અર્થ–પૃથ્વીમાં શ્રેષ્ઠ, પર્વતના શિખરમાં જન્મેલાં ને બ્રાહ્મણોથી સારી રીતે અનુજ્ઞા પામેલાં હે દેવિ! યથા સુખે ગમન કરો. ૧ એવી રીતે ગાયત્રીનું વિસર્જન કરીને ગુરુ બ્રાહ્મણ વિગેરેને નમસ્કાર કરવા ને હાથમાં જલ લઇ,

अनेन प्रात:संध्याख्येन कर्मणा श्रीभगवान् परमेश्वरः प्रीयतां नमम ॥

॥इतिप्रातःसंध्या॥

।अथ मध्याह्नसन्ध्या।

अत्राद्य० । मध्याह्नसंध्योपासनमहंकरिष्ये.

આવાહન નીચેનો મન્ત્ર ભણી કરવું.

ॐसावीत्रीं युवतीं शुक्लां शुक्लवस्त्रां त्रिलोचनां ।
त्रिशूलिनी वृषारूढां यजुर्वेदेन संस्थितां ॥
रुद्राणीं रुद्र दैवत्यां रुद्रलोकनिवासिनीं ।
सावित्री छंदसां माता रुद्र योनि नमोस्तु ते ।

અર્થ–સાવિત્રી યુવાવસ્થાવાળી, ઉજ્જવલ રંગવાળી,

શ્વેત વસ્ત્રવાળી, ત્રણ નેત્રવાળી, ત્રિશૂલને ધારણ કરનારી, વૃષભ ઉપર બેસનારી, યજુર્વેદવડે સંસ્થિત થયેલી, રુદ્રાણી, રુદ્રની શક્તિ, રુદ્રલોકમાં રહેનારી હે સાવિત્રિ! હે વેદ માતા! હે રુદ્રયોનિ! તમને નમસ્કાર હો. આચમન કરવાનો મન્ત્રઃ—

आप पुनंतु इति कश्यप ऋषिः अनुष्टुप् छंदः ।
आपोदेवता आचमने विनियोगः ॥

ॐआपः पुनंतु पृथिवीं पृथ्वी पूता पुनातु मां । पुनंतु ब्रह्मस्पतिर्ब्रह्मपूता पुनातु मां । यदुच्छिष्टमभोज्यंच यद्वा दुश्चरितं मम । सर्वं पुनंतु मामापोऽसतां च प्रतिग्रहं स्वाहा ॥

અર્થ–પાણી પૃથ્વીને (સ્થૂલ શરીરને) પવિત્ર કરો ને પવિત્ર થયેલી પૃથ્વી મને પવિત્ર કરો. પવિત્ર થયેલી બુદ્ધિ મને પવિત્ર કરો. જે એઠું ને નિંદિત ભોજ્ય અપ્રતિગ્રહનો પ્રતિગ્રહ મેં કરેલો હોય અથવા મારાં જે દુરાચરણ હોય તે સર્વથી જલ મને પવિત્ર કરો. આ આચમનવડે સર્વે પાપો સારી રીતે હોમેલાં થાઓ.

ઉભા રહીને ગાયત્રી મંત્રવડે અર્ઘ્ય એક સૂર્યને આપવો. ગાયત્રીનો જપ હૃદય આગળ હાથ રાખી તે ઉપર વસ્ત્ર ઢાંકી કરવો. ગાયત્રીનું વિસર્જન નીચેના મંત્રથી કરવું.

ॐउत्तमे शिखरे जाता भूम्यां पर्वतमस्तके ।
रुद्रयोनि समुत्पन्ना गच्छदेवि यथासुखं ॥

અર્થ—પૃથ્વીમાં શ્રેષ્ઠ, પર્વતના શિખર ઉપર જન્મેલાં, સારી રીતે ઉત્પન્ન થયેલાં હે રુદ્રયોનિ! સુખેથી જાઓ. બાકીનું બધું પ્રાતઃસંધ્યા પ્રમાણે કરવું.

अनेन मध्याह्नसंध्याख्येन कर्मणा परमेश्वरः प्रीयता नमम ॥

इतिमध्याह्नसंध्या ।

। अथ सायं संध्या ।

अत्राद्य० सायंसंध्योपासनमहं करिष्ये ।

આવાહન નીચેના મન્ત્રથી કરવું.

वृद्धां सरस्वतीं कृष्णां पीतवस्त्र चतुर्भुजां ।
शंखचक्रगदापद्महस्तां गरुडवाहिनीं ॥
बदर्याश्रममावासामायातीं सूर्यमंडलात् ।
आगच्छ वरदे देवि त्र्यक्षरे विष्णुवादिनि ।
भारती छंदसांमातर्विष्णुयोनि नमोस्तु ते ॥

અર્થ-વૃદ્ધા, કૃષ્ણા, સરસ્વતી, પીળાં વસ્ત્રવાળી, ચાર હાથવાળી, શંખ, ચક્ર, ગદા, પદ્મ, જેના હાથમાં છે એવી, ગરૂડ વાહિની, બદરિકાશ્રમમાં રહેનારી, સૂર્ય મન્ડળમાંથી આવનારી હે વર દેનારી! હે દેવિ! હે ત્ર્યક્ષરે! હે વિષ્ણુ વાદિનિ! આવો. હે ભારતિ! હે વેદની માતા! હે વિષ્ણુ-યોનિ! તમને નમસ્કાર હો.

આચમન નીચેના મન્ત્રથી કરવું.

अग्निश्चमेति नारायणऋषिरनुष्टुप्छंदः अग्निर्देवता आचमने विनियोगः ।

ॐअग्निश्च मामन्युश्च मन्युपतयश्च मन्युकृतभ्येः पापेभ्यो रक्षन्ताम् । यदह्ना पापमकार्षं मनसा वाचा हस्ताभ्यां पद्भ्यां मुदरेण शिश्ना ऽहस्तदवलुंपतु यत्किंचिद्दुरितं मयि इदमहं मामृतयोनौ सत्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥

અર્થ—અગ્નિ, રૂદ્ર, અને ક્રોધનો જય કરનાર બીજા સાત્વિક દેવો ક્રોધથી થતાં પાપથી મારી રક્ષા કરો! અને મેં જે દિવસમાં કાંઇ મનથી, વાણીથી, હાથથી, ઉદરથી અને શિશ્નથી પાપ કર્યું હોય તે સર્વ પાપ દિવસાત્મા કાળ ભગવાન્ દૂર કરો. જે કાંઇ મારામાં સંચિતાદિ સંસ્કાર જન્ય દુરિત હોય તે સર્વ મોક્ષ સુખના ઉત્તપત્તિસ્થાન રૂપ કાળત્રયને વિષે અબાધ્ય જ્યોતીરૂપ બ્રહ્મને વિષે હું હોમું છું. સાયંસંધ્યા પશ્ચિમાભિમુખે કરવી. ગાયત્રી મંત્ર વડે અર્ઘ્ય ત્રણ સૂર્યને બેઠાં બેઠાં આપવા. ગાયત્રી જપ નાસિકા આગળ હાથ રાખીને કરવો. બાકીનું બધું પ્રાતઃ સંધ્યા પ્રમાણે કરવું. ગાયત્રી વિસર્જન નીચેના મંત્રથી કરવું.

उत्तमे शिखरे जाता भूम्यां पर्वतमस्तके ।
विष्णुयोनिसमुत्पन्ना गच्छ देवि यथासुखं ॥

अनेन सायंसंध्याख्येन कर्मणा परमेश्वरः प्रीयतां नमम ॥

इति सायं सध्या.

આ સંધ્યા પ્રયોગમાં કહેલ છે તે પ્રમાણે ન બની શકે તો શ્રીકાત્યાયન ઋષિને મતે સંધ્યામાં આચમન, ત્રણ પ્રણાયામ, શ્રીસૂર્યને અર્ઘ્ય પ્રદાન, ઉપસ્થાન ને યથાશક્તિ ગાયત્રી જપ કરવો, પણ સંધ્યાનો લોપ કદી કરવો નહીં.

सूतकमां संध्या करवानो विधि.

પ્રથમ મન્ત્ર રહિત ત્રણ આચમન લેવાં ॐ आपोहि० ઇ૦ મન્ત્રો મનમાં ભણીને માર્જન કરવું, પ્રાણાયામ મન્ત્ર રહિત કરવા, ગાયત્રી મન્ત્ર સારી રીતે બોલીને તે વડે સૂર્યને અર્ઘ્ય પ્રદાન કરવું, सूर्यश्च० એ મન્ત્રથી આચમન ન કરવું તેમ ઉપસ્થાન પણ ન કરવું. દશ ગાયત્રીનો જપ માનસિક કરવો.

॥ अथ शिवपूजनम् ॥

જલપાત્ર, પંચપાત્ર, આચમની, ચંદન, પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ્ય, ઇત્યાદિ ઉપચાર લઇને આચમન પ્રાણાયામ કરી હાથમાં જલ લઇ,

अत्राद्य०—श्रीसांबसदाशिवप्रीत्यर्थं शिवपूजनमहं करिष्ये ।

એવી રીતે સંકલ્પ કરવો. પછી જલ પાત્રમાં આવાહન મુદ્રાએ કરીને—

गंगे च यमुने चैव गोदावरि च सरस्वति ।
नर्मदे सिंधु कावेरि जलेस्मिन्सन्निधिं कुरु ॥

આ મંત્ર ભણી તીર્થાવાહન તેમાં ચન્દન, પુષ્પ નાંખી

ધેનુમુદ્રાવડે તે જલનું અમૃતીકરણ કરીને ૐ નમઃ શિવાય એ મંત્ર આઠવાર ભણી જલ અભિમંત્રિત કરવું. પછી તે જલથી પૂજા સામગ્રીને તથા આત્માને પ્રોક્ષણ કરવું. પછી નીચેના શ્લોક ભણી શંકરનું ધ્યાન કરવું. ॥

ध्यायेन्नित्यं महेशं रजतगिरिनिभं चारुचंद्रावतंसं ।
रत्नाकल्पोज्वलांगं परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् ॥
पद्मासीनं समन्तात्स्तुतममरगणैर्व्याघ्रकृत्तिंवसानं ।
विश्वाद्यं विश्ववंद्यं निखिलभयहरं पंचवक्रं त्रिनेत्रं ॥१॥
एवंध्यात्वा ॥

અર્થ–રૂપાના પર્વતની પેઠે શોભતા અને સુંદર ચંદ્રમા જેને ચૂડાસ્થાનમાં આવી રહેલો છે, વળી રત્નભૂષણવત્ ઉજ્જવલ છે અંગ જેનું અને પરશુ, મૃગ, વર, અભય એમ ચાર હાથથી ચાર ચિન્હને ધારણ કરતા તેમજ પ્રસન્ન મુખે પદ્માસન કરી બેઠેલા, ચારેતરફ દેવો જેની સ્તુતિ કરે છે, વ્યાઘ્રચર્મ ઉત્તરીય સ્થાને ધારણ કરી રહ્યા એવા ને જગતના આદ્ય તેમજ જગતને વંદનીય સર્વ ભયને હરનારા પાંચ મુખવાળા ને ત્રણ નેત્રવાળા શ્રીમહાદેવનું હું ધ્યાન કરૂં છું ॥ ૧ ॥ પછી. ૐનમઃ શિવાય । એ મંત્રથી નીચે લખ્યા ઉપચારો અર્પણ કરવા ને જે ઉપચાર હાજર ન હોય તો તે ઠેકાણે જલની આચમની મુકવી . ૐન० आवाहनं समर्पयामि. ॥ એમ ભણી જલની આચમની ચઢાવવી.

અને એજ પ્રમાણે દરેક ઉપચારે કરતા જવું

ॐनमःशिवाय आसनं० । ॐन०पाद्यं०। ॐन०अर्घ्यं०। ॐन० आचमनीयं ।

આ ઠેકાણે જો પંચામૃત હોય તો ॐ नमः शिवाय એ મંત્રથી पयःस्नानं । दधि० । घृत० । मधु० शर्करा० । એમ ભણી પંચામૃત સ્નાન કરાવ્યા પછી શુદ્ધોદક સ્નાન કરાવવું । ॐन० स्नान । ॐ न० चंदन पुष्पं એમ ભણી ચંદન પુષ્પ ચડાવીને પોતાને અવકાશ પ્રમાણે અભિષેક કરવો. અથવા નિચેનો મંત્ર બોલી અભિષેક કરવો

ॐनम शंभवाय च मयोभवाय च नमःशंकराय च मयस्कराय च नमःशिवाय च शिवतराय च ।

આ એક જ મન્ત્રથી અભિષેક કરવો ને શિવલિંગને નવરાવી,

ॐन०वस्त्रोपवीताचमनीयानि परिकल्पयामि ।

એમ ભણી જલની આચમની મૂકવી.

ॐन० चंदनं० । ॐन० अक्षतान् ॐन० पुष्पं ॐन० बिल्वीदलं० । त्रिदलं त्रिगुणाकारं त्रिनेत्रं च त्रियायुधं ।

त्रिजन्मपापसंहारमेकबिल्वं शिवार्पणम् ॥

એમ ભણી બિલ્વીદલ ચડાવવું.

ॐन० धूपं० ॐन०दीपं० ॐन० नैवेद्यं० । ॐ न० पुनराचमनीयं० । ॐ न० मुखवासं० ॐन० नीराजनं० । ॐन० प्रदक्षिणां० ॥

એમ ભણી જલની પ્રદક્ષિણા કરવી.

ॐनमःशिवाय मंत्रथी पुष्पांजलिं समर्पयामि ॥

પછી પંચાક્ષરનો જપ યથાવકાશ કરીને બે હાથ જોડીને પગે લાગવું ત્યારે નીચેનો શ્લોક બોલવો.

करचरणकृत वाक्कायजं कर्मजं वा श्रवणनयनजं वा मानसं वाऽपराधं । विहितमविहितं वा सर्वमेतत्क्षमस्व जय जय करुणाब्धे श्रीमहादेवशंभो ॥ १ ।

પછી હાથમાં જલ લઇ,

अत्राद्य० अनेन शिवपूजनकर्मणा श्रीसांबसदाशिव प्रीयतां नमम ॥ इति शिवपूजनम्.

॥ अथ ब्रह्मयज्ञः ॥

વેદ સંહિતાભણેલ હોય તેણે યથાવકાશ પાંચ, બે અથવા એક અધ્યાયનો પાઠ કરવો તેને બ્રહ્મયજ્ઞ કહે છે. જે સંહિતા ભણેલ ન હોય તેણે નીચે લખ્યા ચાર વેદના પહેલા ચાર મન્ત્ર ભણી બ્રહ્મયજ્ઞ કરવો. । આચમન પ્રાણાયામ કરી કુશ પવિત્ર ધારણ કરી હાથમાં જલ લઈ,

अ०—श्रीपरमात्मप्रीत्यर्थं स्वाध्याययज्ञेनाहं यक्ष्ये ।

એમ સંકલ્પ કરી.

यजुर्वेदमंत्रः ।

यजुर्वेदमंत्रः । ॐइषेत्वोर्जेत्वा वायवस्स्थदेवोवःसविता मार्पयतु श्रेष्ठतमाय कर्मणऽआप्यायध्वमघ्न्याऽइन्द्राय भागं

प्रजापतीरनमीवाऽअयक्ष्मा मावस्तेनऽईशत माघ शँ सोदृध्रु-
वाऽअस्मिन् गोपतौ स्यात बह्वीर्यजमानस्यपशून्पाहि ॥ १ ॥
ऋग्वेदमंत्रः ॐ अग्निमीळे पुरोहित यज्ञस्य देवमृत्विजं । होतारं
रत्नधातमम् ॥ २ ॥ सामवेदमंत्रः । ॐअग्न आयाहि वीतये
गृणानो हव्य दातये । निहोता सत्सिबर्हिषि ॥ ३ ॥ अथर्वण
मंत्रः ॐशन्नो देवीरभिष्टय आपो भवन्तु पीतये । शंयो
रभिस्रवन्तु नः ॥

અથવા ગાયત્રી મંત્ર ત્રણવાર ભણી બ્રહ્મયજ્ઞ કરવો.

अनेन ब्रह्मयज्ञाख्येन कर्मणा श्रीपरमात्मा प्रीयतां नमम ॥

अथ संक्षिप्तनित्यतर्पणम् ॥

આચમન પ્રાણાયામ કરી કુશ પવિત્ર ધારણ કરી
હાથમાં જલ લઇ,

अद्याद्य० श्रीपरमेश्वरप्रीत्यर्थं देवर्षिपितृतर्पणमहं करिष्ये।

એમ સંકલ્પ કરી પૂર્વાગ્ર દર્ભ રાખી દેવતીર્થથી તર્પણ
કરવું,

ॐब्रह्मादयो देवास्तृप्यन्ताम् । ॐदेवपत्न्यस्तृप्यंतां ।
ॐदेवसुतास्तृ० । ॐदेवगणास्तृ० । कंठवास.

જનોઈ કંઠમાં કરીને મનુષ્ય તીર્થથી

ॐसनकादयोमनुष्यास्तृप्यंतां ॥ ॐमनुष्यपत्न्यस्तृ० ॥
ॐमनुष्यसुतास्तृ० । ॐमनुष्यगणास्तृ० ॥ अपसव्यं ॥

જનોઇ જમણે ખભે કરીને દર્ભ દ્વિગુણુ કરી પિતૃ તીર્થથી,

ॐ कव्यवाडादयः पितरस्तृप्यंतां । ॐ पितृपत्न्यस्तृ० । ॐ पितृसुतास्तृ० ॥ ॐ पितृगणास्तृ० ॥ पितृवंशे मृताये च मातृवंशे तथैवच ॥ गुरुश्वशुरबन्धूनां ये चान्ये बांधवाः स्मृताः ॥ ये मे कुले लुप्तपिंडाः पुत्रदारविवर्जिताः ॥ तेषा जलं मयादत्त मक्षय्यमुपतिष्ठतु ॥ स०यं ॥ अत्राद्य० नित्यतर्पणकर्मणा देवर्षिपितरस्तृप्यंता इति संक्षिप्तनित्यतर्पणम् ॥

॥ अथ वैश्वदेवप्रयोग· ॥

હાથમાં જલ લઇ

अत्राद्य० ॥ मम पंचसूनाजनितदोषपरिहारार्थं पंच यज्ञात्मकं वैश्वदेवकर्माहं करिष्ये ॥

એમ સંકલ્પ કરી નીચે લખેલાં સૂત્રખંડ ભણી કુંડમાં અથવા સ્થંડિલમાં પંચભૂસંસ્કાર કરવા.

अथातो गृह्यस्थालीपाकाना कर्म ॥ दर्भैः परिसमुह्य ३ ॥

દર્ભે કરી વાળી નાંખીને,

गोमयेन उपलिप्य ३ ॥

ગોમયથી લિંપીને,

कुशेन उल्लिख्य ॥ ३

દર્ભેન મૂળથી પૂર્વ પશ્ચિમ ત્રણ રેખા કરીને,

अनामिकागुष्ठेन उदूधृत्य ३ ॥

અનામિકા તથા અંગુષ્ઠવતે રજ કાઢી નાંખીને,

उदकेनाभ्युक्ष्य ३ ॥

જલે કરી ત્રણુવાર પ્રોક્ષણુ કરીને,

अग्निमुपसमाधाय ॥

અગ્નિને સ્થંડિલમાં પધરાવી
નીચે લખ્યો મન્ત્ર ભણી ધ્યાન કરવું.

चत्वारि श्रृङ्गा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्तहस्तासोऽस्य ॥ त्रिधा बद्धो वृषभो रोरवीति महोदेवोमर्त्यां ऽआविवेश पावकनाम्ने वैश्वानराय इदमत्र चंदनं च पुष्पं ॥

એમ ભણી ચંદન પુષ્પ અગ્નિમાં નાંખી,

सकुशोदकेन पर्युक्षणं ॥

દર્ભ સહિત જલથી સ્થંડિલમાં પર્યુક્ષણુ કરવું.

પછી અગ્નિ પ્રજવલિત કરીને નીચે લખ્યા મન્ત્રથી ઘૃતયુક્ત ભાત અથવા બીજા હવિષ્યાન્નની આહુતિઓ આપવી. એક પાત્રમાં અન્ન લઇને બે ભાગ કરવા ને એક ભાગમાંથી આહુતિઓ આપવી ને બીજા ભાગમાંથી બલિ મૂકવા.

ॐब्रह्मणे स्वाहा । इदं ब्रह्मणे नमम १ । ॐप्रजापतये स्वाहा। इदं प्रजापतयेनमम । २ । ॐगृह्याभ्यः स्वाहा । इदं गृह्याभ्यो नमम । ३ । ॐ कश्यपाय स्वाहा । इदं कश्यपाय नमम । ४ । ॐअनुमतयेः स्वाहा। इदं अनुमतये नमम। ५। ॐअग्नये

स्विष्टकृते स्वाहा। इदमग्नये स्विष्टकृते नमम॥ इति देवयज्ञः

ઉપર લખ્યા પ્રમાણે આહુતિઓ આપીને બાકી રહેલા અન્નના પોતાના સન્મુખ ત્રણ બલિ નીચે પ્રમાણે આપવા.

ॐपर्जन्यायनमः। इदं पर्जन्याय नमम॥ ॐअद्भ्योनमः इदमद्भ्यो नमम। पृथिव्यैनमः इदं ॐपृथिव्यै नमम॥

ત્યાર પછી દક્ષિણ તરફ,

ॐधात्रे नमः[4]। इदं धात्रे नमम। ઉત્તર.

ॐविधात्रे नमः[5]। इदं विधात्रे नमम। પૂર્વ.

ॐवायवे नमः[6]। इदं वायवे नमम। દક્ષિણ.

ॐवायवे नमः[7]। इदं वा०। પશ્ચિમ.

ॐवायवे नमः[8]। इदं वा०। ઉત્તર.

ॐवायवेनमः[9]। इदं वा० પૂર્વ તરફ.

ॐ [10]प्राच्यैदिशेनमः। इदंप्राच्यैदिशेनमम। દક્ષિણ.

ॐ [11]दक्षिणायैदिशेनमः। इदं दक्षिणायै०। પશ્ચિમ.

ॐप्रतीच्यैदिशेनमः[12]। इदंप्रती० ઉત્તર.

ॐउदीच्यैदिशेनमः[13]। इदं उदीच्यै०॥

મધ્યમાં પૂર્વ તરફ જાય એવી રીતે નીચેના ત્રણ મન્ત્રથી ત્રણ બલિ મૂકવા.

ॐब्रह्मणेनमः[14]। इदंब्रह्मणेनमम॥ ॐ अन्तरिक्षायनमः। इदंअन्त०। ॐसूर्यायनमः[15]। इदंसूर्याय०॥

પછી તેના કાંઈક ઉત્તર ભાગમાં બે બલિ મૂકવા.

ॐविश्वेभ्योदेवेभ्योनमः[१७] । इदं वि० ।

ॐविश्वेभ्योभूतेभ्योनमः[१८] । इदंवि० ।

નીચેના બે બલિ ઉત્તર તરફ મૂકવા.

ॐउषसेनमः[१९] । इदंउषसे० । ॐभूतानाचपतयेनमः[२०] ।

इदंभूतानां० । इतिभूतयज्ञः ।

પછી ડાબો પગ વાળી દક્ષિણ તરફ મુખ રાખી બ્રહ્માદિના બલિથી દક્ષિણ તરફ અપસવ્ય કરી પિતૃતીર્થથી બાકી રહેલા અન્નનો પિતૃ બલિ મૂકવો.

ॐपितृभ्यः स्वधानमः[२१] । इदंपितृभ्योनमम ॥ इतिपितृयज्ञः॥ स०१ ॥

પછી પાત્રમાં જલ લઈ બ્રહ્માદિના બલિથી વાવ્ય ખૂણામાં નાંખવું. તે સમય આ મન્ત્ર ભણવો.

ॐयक्ष्मैत्ततेनिर्णेजनं[२२] । इदंयक्ष्मणेनमम ॥

પ્રથમ જો બ્રહ્મયજ્ઞ ન થઈ શકયો હોય તો આ સમયે કરવો.

इति ब्रह्मयज्ञः ॥

ત્યાર પછી ઘરમાં દેવને નૈવેદ્ય સમર્પણ કરવું. પછી જનોઈને કંઠમાં કરી ઉત્તર તરફ નીચેનો મન્ત્ર બોલી એક ગ્રાસ જેટલું અન્ન મૂકવું.

ॐहंततेसनकादिमनुष्येभ्यः[२३] । इदं सनकादिमनुष्येभ्योनमम॥

૨ જો શક્તિ હોય તો આ સમયે બ્રહ્મચારી અથવા બ્રાહ્મણની પૂજા કરી ભોજન કરાવવું અથવા સંન્યાસી હોય તો ભિક્ષા દેવી.

इति मनुष्ययज्ञः ॥

પછી નીચે પ્રમાણે ગોગ્રાસાદિ સમર્પણ કરવા.

गोभ्योनमः । इदंगोभ्योनमम । वायसेभ्योनमः । इदं वायसे० । श्वभ्योनमः । इदंश्वभ्योनमम । पिपीलिकादिभ्यो-नमः । इदंपिपीलि० । अतिथयेनमः । इदंअति० ॥પછી त्र्या०

એ મન્ત્રવડે લલાટાદિ સ્થળે ભસ્મ ધારણ કરીને નીચેના મન્ત્રથી અગ્નિનું વિસર્જન કરવું.

गच्छ गच्छ सुरश्रेष्ठ स्वस्थाने परमेश्वर ।
यत्र ब्रह्मादयो देवास्तत्र गच्छ हुताशन ॥

હાથમાં જલ લઇ.

अनेन वैश्वादेवाख्येन कर्मणा यज्ञनारायणस्वरूपी परमेश्वर प्रीयताम् ॥ नमम ॥ इतिवैश्वदेवः ॥

अथ भोजनविधि ।

હાથ પગ ધોઈ પૂર્વાભિમુખે બેસી પાત્રમાં પિરસેલ અન્નને હાથમાં જલ લઇ ગાયત્રી મન્ત્ર ભણી તે જલથી પ્રોક્ષણ કરીને દિવસ હોય તો,

सत्यं त्वर्तेन परिषिंचामि

એ મન્ત્ર ભણીને અને જો રાત્રી હોય તો

ऋतं त्वा सत्येन परिषिंचामि

આ મન્ત્ર ભણી પાત્રની આસપાસ પ્રદક્ષિણાની રીતે જલધારા કરીને તે ધારા ઉપર જમણી બાજુએ જમણેથી ડાબીકોર લઇ જતાં

ॐ भूपतयेस्वाहानमः । ॐ भूवनपतयेस्वाहानमः । ॐ भूतानां पतयेस्वाहानमः ॥

આ ત્રણ મન્ત્ર ભણી ભાતના અથવા બીજા હવિષ્યાન્નના ત્રણ બલિ મુકવા ને તે ઉપર જલ પ્રોક્ષણ કરીને તે ત્રણે બલિ એકઠા કરવા, પછી હાથ ધોઇ જમણા હાથમાં જલ લઈ ડાબા હાથનો અંગુષ્ઠ પાત્રને અડાડી રાખીને નીચેનો મન્ત્ર બોલવો.

ॐ अमृतोपस्तरणमसिस्वाहा ।

એટલુ બોલીને અર્ધ જલ પીવું ને અર્ધજલ એકઠાં કરેલ બલિ ઉપર રેડવું, ત્યાર પછી હવિષ્યાન્નના પાંચ ગ્રાસ નીચેના મન્ત્ર ભણી લેવા.

ॐप्राणायस्वाहा । ॐ अपानायस्वाहा । ॐ व्यानायस्वाहा । ॐउदानायस्वाहा । ॐ समानायस्वाहा ॥

પાંચ આંગળી ભેળી રાખીને લેવા, ત્યાં સુધી ડાબા અંગુષ્ઠથી પાત્ર સ્પર્શ કરી રાખવો. પછી ડાબો હાથ ધોઇને પવિત્ર જલનો સ્પર્શ ડાબે હાથે બે નેત્રને કરવો. પછી શિખા છોડીને ભોજન કરવું. ભોજન કરી રહ્યા પછી બાકી

રહેલાં અન્નની પાત્રના ડાબા ભાગમાં પૃથ્વી ઉપર પિતૃ તીર્થથી ચિત્રાહુતિ દેવી. પછી જમણી હાથેલીમાં જલ લઇ

अमृतापिधानमसिस्वाहा ।

આ મન્ત્રથી તે જલ અર્ધપીવું ને અર્ધ જલ અંગુષ્ઠ તરફથી પૃથ્વીપર નાંખવું ને ડાબે હાથે શિખા બાંધવી. હાથ ધોઇ મુખની શુદ્ધિ કરી કોગળા કરવા ને મુખવાસ લેવું

॥ इति भोजनविधिः ॥